૪૮૨૫

સંગિત જીનદાસ દ્રઢમૈત્રી નાટક.

વિવેકી બાંધવોના માટે

રચનાર

શા. પ્રેમચંદ જેઠાભાઈ.

મુ. રાધનપુર.

श्लोक.

द्यूतंच मांसंच सुराच वेस्या, पापार्द्धि चौर्य
परदारा सेवा, अेतानि सप्त व्यसनानि
लोके, पापाधिके पुंसि सदा भवन्ति. १
इहैव निंद्यते शिष्टै र्व्यसना सक्त मानसः
मृतस्तु दुर्गतिं याति गतत्राणे नराधमे. २

ભાવાર્થ—જુગારનું રમવું, માંસનું ભક્ષ, દારૂનું પીવું, ગુણીકાનો સંગ કરવો, શીકારનું કરવું, ચોરી કરવી, અન્ય નારી ભોગવવી, એ સાતે દુરવ્યસનો સેવવાવાળો આ લોકમાં ઉત્તમ લોકનો નિંદ્યો થાય (હલકાઈ પામે.) અને પરલોકમાં ખોટી ગતિ પામેછે.

અમદાવાદમાં.

ગ્ર૦ યુ૦ કં૦ પ્રેસમાં.

રણછોડલાલ ગંગારામે છાપ્યું.

વીર સંવત ૨૪૧૭ સંવત ૧૯૪૭. સાકે ૧૮૧૨-૧૩

કીંમત રૂ. ૦—૩—૦

અર્પણપત્રીકા.

મહારા પરમ સ્નેહી મીત્ર હરજીવન દાસ દીપચંદ વકીલ રાધનપુર.

તેમને મહારી અલ્પબુદ્ધિથી રચેલ આ પુસ્તક અર્પણ કરવામાં મહારૂ મન ઉતકંન્ઠીત છે. તો મહારી અર્પણપત્રી-કાને તે મહારા સુજ્ઞ મીત્ર માન આપશે તેવી ઉમેદ છે.

લી. હું.

પ્રેમચંદ જેઠાભાઇ શાહ.

મુ. રાધનપુર.

પ્રસ્તાવના.

સજ્જન વર્ગની ઉત્તમતાને લાયક શ્રાવક ભીમસીંહ માણેકચંદને આ પુસ્તક છપાવવા માટે મોકલવામાં આવ્યું હતું કાળની ગતિ ન્યારી છે, તેમ તેઓ સાહેબ પણ સંવત ૧૯૪૭ ના જેઠવદ ૪ ગુરૂવારે પોતાનો આતમા છન્ડી સ્વર્ગવાસી થયાથી ફરી આજ પુસ્તક છપાવવાનું મારેજ શીર આવ્યું.

સદરહુ ભીમસીંહભાઇના હસ્તકે છપાવવાનું કારણ ફક્ત બહોળો ફેલાવો થવાનુંજ હતું.

બાંધવો તરફથી આશ્રય લઈ પુસ્તક છપાવવા મેં મનથી નકી કર્યું. અને તે વીચાર ઇશ્વર કીરપાથી આજ અમલમાં આવ્યો.

બાંધવો! કિર્તિ કે જર નફો મેળવવા માટે આ પુસ્તક બહાર પાડયું નથી, પણ પંડીત પુરૂષોની કહેવતછે કે "કરત કરત અભ્યાસ" "ચાર ચાર ગઉ ચાલતાં લાંબોપંથ કપાય" તેમ મેં પણ આ પુસ્તક નીતિની શીખામણ રૂપ, બોધદાયક યથામતિ મહાવરાના માટે લખ્યું છે, પંડીતોની રચનામાં અને આ મારી રચનામાં "ગુરૂડગતિ અને ધાન્ય ધનેરાની ગતિ" સમ ફરક છે, તો વાંચનાર સજ્જનો કીરપા કરી નજર આવતી ખામી દૂર કરી, ગુણ ગ્રાહકજ થશો એજ નમ્ર વીનંતી.

આ પુસ્તકમાં ગાયનો સુધારવાની મારા મીત્ર ભીખાલાલ બાદરચંદે મને મદદ આપીછે, તેથી તેમનો ઉપકારમાનુછું

લી. શેવક.

પ્રેમચંદ જેઠાભાઈ શાહ.

મુ. રાધનપુર.

નાટકપાત્રની યાદી તથા ઓળખાણ.

સુત્રધાર..............................નાટક કાર્ય.

વિદુષક............જીનદાસનો ગુમાસ્તો...મસકરો.

જીનદાસ..........જૈનધરમી શ્રીનગરનો નગરશેઠ.

દઢ મૈત્રી..............................જીનદાસનો મીત્ર.

સુલક્ષણાં..............................જીનદાસની સ્ત્રી.

સીલવતી.........................દઢ મૈત્રીની નારી.

સ્નેહસાગર..............શ્રીનગરનો નીતિવાન રાજા.

બુદ્ધિસાગર..............................તેનો પ્રધાન.

૧ લો. જુ.	}	મહાજંગલના વાસી
૨ જો. જુ.		
૩ જો. જુ.		જુગારીઓ.
૪ થો. જુ.		

૪ ખલાસીઓ....................વહાણના હાંકનાર.

નિર્દયસીંહ......................કોઈ રાજાનો પુત્ર.

દેવ, દાસી, સીપાઈ, અનુચરો વીગેરે...........

૪૮૨૫

શ્રી.

જીનદાસ દૃઢમૈત્રા નાટક.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ નાટકશાળા.

મંગળાચરણ.

રીખવ પ્રભુની સ્તુતી.

(રાગ સ્યામ કલ્યાણ સરવે નાટકપાત્રો ગાયછે.)

નાથ આદીશ્વરા, સદા સુખના કરા;
તેજ તાર્યા લોક ભવિ, વિશ્વથી ખરા. ટેક.
અંતરજામી અવિચળ ધામી, તાત તણાહે તાત;
વંદુ વિનય વિવેક વિચારે, હે દેવા સાક્ષાત. નાથ.
નીરમળ નામી સીધના સ્વામી, વામી આ સંસાર;
શુભ પદ પામી આદિ નામી, થયા તિર્થંકર સાર. નાથ.
રાગદ્વેશ વામ્યા શીવવધુ પામ્યા, તર્યા ભવ સંસાર;
આપ તર્યા નાથ તારો અમને, અરજ સુણી આ વાર. નાથ.
નાથ નીરનજન ભવભય ભનજન, હે સુખના દેનાર;
હર્ષે ઘણેથી નમન કરૂંછું, શીવપુર સરદાર. નાથ.
નવીન નાટક રચવા ધારૂં, પણ મતિ મુજ લેસ;

સહાય કરોને નાથ નીરનજન, અરજ કરૂં વિસ્વેસ. નાથ૦
કીંકર જાણી દયા આણી, જાણી અણુજ નિજ દાસ;
નાથ નીરનજન સહાય કરોને, વંદી કરૂં પ્રયાસ. નાથ૦

સૂત્રધાર— ચોપાઈ.

ધરૂં ધ્યાન મંત્રજ નવકાર, જે મન ઇચ્છીત ફળ દેનાર;
જેનાથી નવનીધજ થાય, સમભવનાં પાતિક જાય. ૧
તર્યાં અનેક ભવિ નર નાર, આવલંબન મોટું નિરધાર;
શ્રીપાળ રાજા આદી જન, તર્યાં ભજી નવકાર શુધ મન.૨
એવો એ મંત્રનો પરભાવ, ભવ સમુદ્રે છે જેવું નાવ;
બુડતા જનને તારે તેહ, એમાં નથી લેસ સંદેહ૦ ૩
ધ્યાન ધરી શુભ ચોખે ચીત, નાટક સરૂ કરૂં હું ખચીત;
પ્રીય મીત્રની જોઉ વાટ, ન આવ્યો કેમ થાય ઉચાટ. ૪

(વિદુશક પ્રવેશ કરેછે એટલે.)

ભલે આવ્યો વિદુશક યાર, કહું કથન તે ચિતમાં ધાર;
નાટક ભજવવું અહીં આજ, તેમાં જોશે તારી સાજ. ૫
વાણી તણા નવ રસછે જેહ, હાસ્ય કરૂણ પ્રાધ્યાન તેહ;
આદી રસછે તારી પાસ, તે કર સભા મધ્ય પરકાસ. ૬

વિદૂષક—હે મમમીત્ર સાંભળ વાત, વિદૂષક હુંછું બ્રાહ્મણજાત;
મારે જોઇએ લાડુ સાત, તે વિણ થાય નહીં નીરાંત. ૭
જો એટલો અરથજ થાય, પછી હાસ્ય વચન ઉચરાય;
કરૂ નાટકમાં રંગરેલ, જરૂર હોય તો લાડુ મેલ. ૮

સૂત્રધાર— (રકાબી હાથમાં લહીને.)

લ્યો ભોજન કરો મહારાજ, પછી સુધારો મમ કાજ;

સભા ખૂશી કરો આ વાર, દક્ષણા દઇસું રૂપિઆ ચાર. ૯

ઇતિ પ્રથમ પ્રવેશ.

પ્રવેશ ૨ જો.

સ્થળ—શ્રીનગર જીનદાસ શેઠનું સયનગૃહ.

પાત્ર—સુલક્ષણા જીનદાસ પછીથી દૃઢ મંત્રી.

જીનદાસ— (પોતાની પત્ની સુલક્ષણા પ્રત્યે)

(રાગ ઇંદ્રસભાનો રાજાજીતો શો ગયે એ.)

સાંભળ સ્નેહે સુગુણી નારી, વાત વહુ ધરી વાલ;
લે મુદ્રીકા આ હું લાવ્યો, કહ્યું હતું જે કાલ. ૧
મુદ્રીકા મે બેય અણાવી, મારા તારા માટ;
તસવીર બેહુની માહય નખાવી, કરોની સાટાપાટ. ૨
તુજ વિયોગે છબી જોઇને, મન વળશે મુજ લેશ:
તારે પણ તેવું સાધન છે, જો જાઉં જરા વિદેશ. ૩
પ્રાણ પ્રિયા તુજ મુખડું જોતાં, મન થાય અતિ રળીયાત;
જો જરીએ વિયોગ પડેતો, સુજે નવ કાંઇ વાત. ૪
ઇશ્વરનો ઉપકાર માનુંછું, મેળવ્યું તુજ સમ રત્ન;
તેની સાજ વીના મળે નહીં, હજાર કરૂં જો યત્ન. ૫

સુલક્ષણા—ગરબી દીપચંદી વહાલો લાગે વિનવ વિચ-ક્ષણ એ રાહ.)

વહાલ તમે પ્રાણ તણા આધાર, ટેક.
પ્રાણ થકી પ્રિતમ છો મારા, મુજ હેયાના હાર; વહાલા.
શાણા સમજુને સુભ લક્ષણ, અંગ તણા શણગાર. વહાલા. ૧

અરજ દાસીની તમે સ્વીકારી, મુદ્રીકા લાવ્યા સાર; વહાલા
આભારી કરી આજ પ્રિયાને, રાખ્યાં પ્રેમ અપાર. વહાલા. ૨

દ્રઢમૈત્રી— (પ્રવેશ કરતાં.)

ગીતિ.

સુણો સાણી ભાભી, મુજ બાંધવ છે કે સુ? નથી ઘરે;
દિન ત્રણ થયા વિયોગે, જળ વિના મીન તરફડું હું ખરે. ૧

જીનદાસ— (દ્રઢમૈત્રીને આવતો જોઇને ગીતિ)

આવો બાંધવ મારા, સ્નેહ સહીત સ્નેહી અહીં બેસો;
મમ ભાભુના પ્યારા, કહો પ્યારી તણો શુભ સંદેસો. ૨

દ્રઢમૈત્રી— (ખુરશીયે બેસેછે ગીતિ.)

સાંભળ બાંધવ મારા, આ મન મળવા તુજને લલચાયું;
બાકી સૌછે સારાં, મીત્ર વિયોગે નહીં રહેવાયું. ૩
મીત્ર વખત છે બૂરો, નીચ જન સંગ કદિ નહીં કરવો;
સત્ય સીયળ સુ સજવાં, હુંપદ સ્વપ્નો કદી નહીં ધરવો. ૪

જીનદાસ—

ચાલો બાંધવ મારા, આજસાથે ત્રણ જણ જમવા જઇશું;
મમ ભાભીના પ્યારા, આજ જમ્યા પહેલ જવા ન દઇસું. ૫

(ત્રણે જણ જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—શ્રીનગર જીનદાસ સેઠની દોકાન.

જીનદાસ અને દ્રઢમૈત્રી.

દ્રઢમૈત્રી—(ભિખરે ઉતારો રાજા ભરથરી એ રાહ.)

મીત્ર પ્રેમે કરી સાંભળો, નીજ મીત્રની વાતજી;

કસ્તુરી અંબર મંગાવતાં, લાભ થાય ભલી ભાતજી;
ઉત્તમ વેપાર મીત્ર એ ઘણો. ટેક.
વણીક વેપારે થાય વડો, જુઓ શાસ્ત્રમાં સારજી;
વેપાર કરતાં ડરવું નહીં, એ છે વણીક વહેવારજી. ઉત્તમ.
જીનદાસ—મીત્ર વચન તુજ માનીને, મગાવ્યો છે બહુ માલજી;
સાગરે પવન સુધો હશે, આવશે આવતી કાલજી.
વેપારે ઇજ્જત વાધે ઘણી.
દૃઢમૈત્રી—ચાલો મીત્ર આજ આપણે, જઇએ સરોવર તીરજી;
જીનદાસ—નાના—મીત્ર ચાલો બાગમાં, જ્યાં છે વૃક્ષ ગંભીરજી. વેપારે.

(બંને જણ જાય છે.)

પ્રવેશ ૪ થો.

(સ્થળ—શ્રીનગરના પાદરે એક ઉપવન.)

જીનદાસ અને દૃઢમૈત્રી પછી વિદુષક.

જીનદાસ—(રાગ આસા ગોડી અવર મદન અલબેલો આતો દીસે એ દેશી.)

અદભુત રચના ભરેલો, આતો દીસે અદભુત રચના ભરેલો;
સું ઇંદ્રિસેવકે ભુલ કરીને, અહીં પાસે આ કરેલો. આતો.
ગુલાબ ગુલબાસ ચંપા આદિક, વિધવિધ પુરપે ઝુકેલો. આ.
મંદ પવનની સીતળ લહેરો, ગયો પરસેવો વળેલો. આતો.
અથવાતો શું ? રતિ રાય પોતે, નિજ હસ્તે આ કરેલો. આતો.
અથવા તો સું ? આ રચના જોઈ, રતિરાય મોહય બળેલો. આ.

ઘરે જાવાનું મન થાયજ નહીં, એવો મુજ પ્રાણ હરેલો.આ.

વિદુષક—પ્રવેશ કરીને, સુણો સચીવજી ચતુરસુજાણ

એ રાહ.)

સુણો શેઠ આ વાત દુઃખાળ, કેતાં દિલગીરી ધરૂં રે;
સું થયું આતે દીનદયાળ, કેતાં દિલગીરી ધરૂં રે;
ખોટા ખબર મલ્યાછે આ વાર, કેતાં દિલગીરી ધરૂં રે;
ઝાંઝ જોખમમાં સમુદ્ર મઝાર, કેતાં દિલગીરી ધરૂં રે;

જીનદાસ— (અતિ દીલગીરીથી) ચોપાઈ.

સુણો વિદુષક અને મુજ ભાઈ, ધનમાલછે અતિવાંણમાંહ;
જાઉં માણસ લઈ દસવીસ, કરજો સહાય હે જગદીસ.૧
મીત્ર કેજો મમ પ્રિયાને પ્રણામ,જાઉં આ વખતે ધારી હામ;
ખરખબર રાખો મુજભાઈ, મીત્ર પ્રિતી ઓછી ન સગાઈ.૨

દ્દઢમૈત્રી— (દીલગીરીમાં ગીતિ)

આમ મીત્ર તરછોડી, ઘરે નહીં જાવું તમને આજે;
નહીં પ્રિતિ મુલ કોડી, જવું એકલાં જરા નહીં છાજે. ૧

જીનદાસ—સુગુણી હઠને મૂકો,દોકાન નભાવવી પડશે તારે;
મુજ નારીને કેજો, જરૂર આવશે આવતી સવારે. ૧

(સરવે જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—શ્રીનગર જીનદાસનું સયનગૃહ.

સુલક્ષણા અને દૃઢમૈત્રી પછીથી વિદુષક.

સુલક્ષણા—(દૃઢમૈત્રીને આવતો જોઇને હોરી ભલે આવ્યા, હું હરસે ભરાણી એ દેશી.

ભલે આવ્યા દીયર સેલાણી,
સુ જોડી જોડ મુકી કેમ આવ્યા, આજ હું અતિ ગભરાણી;
પ્યારા પ્રિતમજી કહા ગયાછે, કહો તમે શુભ વાણી;
આ અવસર તાકીદ આણી, ભલે આવ્યા દીયર સેલાણી. ૧

દૃઢમૈત્રી—સુણો ભાભી અમારી શાણી,
શેઠ ગયાછે મહાસાગરમાં, વહાણ ડુબંતા જાણી;
પંડે ગયા વિણ કામ સરે નહીં, પરહસ્તે ધુળધાણી;
આવશે હમણા વહાણ આણી, સુણો ભાભી હમારી શાણી.

વિદુષક— (પ્રવેશ કરીને) ખનઝારાની દેશી.

તું સાંભળ શેઠાણી મારી, અહીં લાહ્ય લાગી દુઃખકારી;
બહાર આવો સરીર બચાવી, હું ઓલવાવું જળ લાવી;
શું ? પ્રભુ એ વાત વિચારી, અહીં લાહ્ય લાગી દુઃખકારી;
મુજ શેઠ તમે અહીં આવો, સો લોકને જરા બોલાવો;
આને મોકલો જીયાં તુમ નારી, અહીં લાહ્ય લાગીદુઃખકારી;

(દૃઢમૈત્રી અને સુલક્ષણા બહાર આવે છે. મકાન છેક બળી જાય છે બાદ વિદુષક પોતાના ઘરે જાય છે, અને સુલક્ષણાને દૃઢમૈત્રી પોતાને ઘરે લઈ જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—શ્રીનગર દઢમૈત્રીનું શયનગૃહ.

સુલક્ષણાં દઢમૈત્રી અને શીલવતી.

સુલક્ષણા— (રાગ સીતાજીના મહીનાનો.)

સખી આ શું થયું હાય હાય, હવે હું શું કરૂં;
આજ ડુબી સમુદ્રની માંહય, ધીરજ હું કેમ ધરૂં. ટેક.
ધન માલ ગયો લાહય માંહય, કોપ પ્રભુનો થયો;
વહાણ સમુદ્રે ઝોકાં ખાય, સ્વામી મુજ ત્યાં ગયો. સખી.
વિયોગે ગયા દિન સાત, સમુદ્રે શું હશે;
તમને ખમા ખમા સ્વામીનાથ, તમારૂં શું થશે. સખી.
શોધ્ર કરવાને આપના પ્રાણ, વહાણ મોકલ્યા ખરાં;
વહાલા થઈ નહીં આપની જાણ,ધીરજ રહે નહીં જરા.સખી.
મુજ દીયરને મોકલો બાઇ, સાથ તેમનો કરૂં;
પ્રીતમ શોધાવું પીયર જઈ, હીમત હવે હું ધરૂં. સખી.

દઢમૈત્રી— ચોપાઈ.

ભાભી છો તમે ચતુરસુજાણ, હમણાં આવશે લેઈ વહાણ;
નહીંતો જઇશું આપણ કાલ, પીયર મુકી શોધું તુમ લાલ. ૧

સુલક્ષણા— ગીતિ

બેન પુજા વખત થયો, ચાલો હવે જીન મંદીર જઇએ;
શ્રીજીનેશ્વર પૂજીને, અવિચલ સૂખડાં આપણે લહીએ. ૧

સીલવતી—શાબાશછે મુજ બાઈ,કષ્ટસમયે ધીરજધરીતેં આ;
ધર્મછે બહુ સુખદાઈ, ટેક જાળવવાનો વખતછે આ. ૨

પ્રવેશ ૭ મો.

સ્થળ—શ્રીનગર રાજ્યમેહેલ.

સ્નેહસાગર બુદ્ધિસાગર વીગેરે કચેરીમંડળ.

પછીથી ચાર ખલાસીઓ.

સ્નેહસાગર—(હોરી ભલે આવ્યા હું હર્ષ ભરાણી એ રાહ.)

ક્યારે મળશે નગર શેઠ સારો,
તેના વિના સૂન્ય સભા આ દિસે, વીલાસ લાગે નઠારો;
વપૂ જૂદાં પણ જીવ એક જાણું, અતિસય મૂજને તે પ્યારો;
કા દીન અળગો ન થનારો, ક્યારે મળશે નગરશેઠ સારો;

(ખલાસીઓ પ્રવેશ કરે છે.)

ખલાસીઓ—રાય સુણોને અર્જ હમારી,
કસ્તુરી ભરેલા જીનદાસ કેરાં,વહાણ આવ્યાં જોખમ નીવારી;
શેઠજી સાહેબ અમને મળ્યા નહીં, જે ગોતે આવ્યાતા હમારી;
કહો તો નાખીએ માલ ભારી, રાય સુણો.

સ્નેહસાગર—સુણો ખારવા મારા પ્યારા,
માલ ઉતારો વખારમાંહી, સું ? ખબર લાવ્યા નઠારા;
બીજા વહાણ લઈ સાગરમાં જઈ, ખબર લાવો શેઠના સારા;
દારીદ્ર કાપીસ હું તમારાં. સુણો ખારવા.

(પોતાના પ્રધાન પ્રત્યે.)

સુણો પ્રધાનજી કરી પ્રીતે,
શોધ કરાવા સ્વાર મોકલો, શોધાવો શુભ રીતે;

બુદ્ધિસાગર—હુકમ રાયનો સીર ચઢાવું, મોકલું પોદ્ધા ખચીતે;
જે વિયોગ અગ્નિને જીતે, સુણો પ્રધાનજી.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—વન સમુદ્ર તટ.

જીનદાસ એકલો સ્વગત.

જીનદાસ — ગીતિ.

પ્રભૂ પાડ છે તારો, પ્રિત કરી પાટીયું આપ્યું સમુદરે;
ડુબતો મને બચાવ્યો, ધન્ય ધન્ય જીનજી ધન્ય તુજને ખરે. ૧

(કુંવરી કુંવર મારાં લાડકાં એ દેશી.)

અંતરજામી આ શું થયું, ઉપજે અધિક ઉચાટ;
પ્રિયા પ્રિતેથી માહયરી, જોસે ઝરૂખેથી વાટ. અંતર.
વહાણ મારાં કયાં ગયા હશે, થાશે દોકાને કેમ;
નારી માંત્ર થશે બાહવરાં, જેનો મુજપર પ્રેમ. અંતર.
દીન આઠ અટવીમાં થયાં, દુઃખ વેઠુ અપાર;
જીન પુજાની શું ટેક છે, તે હું નથી તોડનાર. અંતર.
સામે ઝાડી દેખાય છે, હસે ગામ કે સહેર;
ત્યાં જઈ પ્રેમે પ્રભુ પુજસું, પછી થાશે લહેર. અંતર.

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—વન.

સુલક્ષણા તથા દૃઢમૈત્રી.

સુલક્ષણાં— (રાગ આશાગોડી.)

પતિ વિયોગ દૂ:ખકારી, અહા પ્રભુ પતિ વિયોગ દૂ:ખકારી;
સ્મરણ વારમવાર કરાવે, નેત્રે વહે બહુ વારી. અહા.
મળો મળોને મુગટ મોરા, દૂ:ખ પામે તુમ નારી. અહા.
પ્રાણ જાસે આ દેહમાંથી, વિયોગે મરશે તુમ પ્યારી. અહા.

(દૃઢમૈત્રી પ્રત્યે.) રાગ ઉપરનોજ.

ભ્રણી તુલ્ય મુજમુગટના મીત્ર,તમે જાળવી મીત્રતા સારી. અ.
મુજ સાથે આ અટવીમાં રખડો, તજીને પોતાની નારી. અ.
ગ્રીષ્મરૂતુના અતિ તડકામાં, તૃષા લાગીછે મને ભારી. અહા.
કૃપા કરીને ચાલો બાંધવ, મળે હવે જ્યાં વારી. અહા.

દૃઢમૈત્રી— **દોહરા.**

સુખ દુખ બે ફેરા ફરે, પડે તે માણસ સીર;
કર્યાં કરમ આ ભોગવો, રાખો મનમાં ધીર. ૧
પ્રભૂ રટણ રાખો તમે, બેસો અહીં આ વાર;
જળ આણી આપું નકી, જઊં સરોવર પાર. ૨

(જાય છે.)

સુલક્ષણા—(થોડો વખત રાહ જોઈ પણ ન આવવાથી.)

દોહરા.

જળ લઈ આવ્યા કેમ નહીં, લાગી અતિસે વાર;
શકે ભૂલાં પડ્યા તમે, કે નાહ્યા નિરધાર. ૧

(સ્વામીનાથ આપ કેમ આવારે થયા આવારે થયા દેશી.)

સ્વામી મીત્ર આપ કેમ આવારે થયા, આવારે થયા.
એકલડી અબળાને મૂકી ન આવીરે દયા, નઆવીરે દયા.
સુખમાં સાથે રહીને અળગારે થયા, અળગારે થયા.
શું ? વીચાર કરી ભાઈ નાસીરે ગયા, નાસીરે ગયા.
રાજુલ પતિ હવે મને સહાયરે કરો, સાહયરે કરો.
અરજ દાસીની તમે ઉરમાં ધરો, ઉરમાં ધરો.
આપની સહાય માગી હીમત ધરૂં, હીમત ધરૂં.
પીયર પંથને સ્વામીની ખોળરે કરૂં, ખોળરે કરૂં.

(જાયછે. બાદ દૃઢમૈત્રી આવેછે પણ સુલક્ષણાને નદેખવાથી.)

દૃઢમૈત્રી—દાસો કેમ ચંદ્રભાગા આવતો નથી એ દેશી.)

સુલક્ષણાં અહીંથી ચાલ્યાં, સું વીચાર કરી. ટેક.
તમારા માટે લાવીયો હું, પાણી આ ભરી. સુલક્ષણા.
આમ કરવું તમને ઘટે, સમજુ સુંદરી;
હું નહિ આવું એવી વાત, દીલમાં ધરી. સુલક્ષણા.
નીકળો છુપાયાં હોય તો, હાસ્ય આ કરી;
સકે તમારૂં હરણ થયું. લઈ ગયો અરી. સુલક્ષણા.
દાઝયા ઉપર ડામ દીધો, સહાસ આ કરી;
પ્રભુ પ્રીતી કરીને મેળવ, અર્જ ઉર ધરી. સુલક્ષણા.

દોહરા.

સહાસ અતિ નારી વાંશે, તે મેં દેખ્યું આજ;
નરનારી શોધે કરૂં, રાખો જીનજી લાજ. ૧
કુમીત્ર જગમાં છે ઘણા, કષ્ટ સમે દૂર જાય;
સુમીત્ર અળગા નવ રહે, દુઃખમાં ભાગી થાય. ૨

(જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—વન.

પાત્ર—નિર્દયસિંહ, બે અનુચરો, અને પછી જીનદાસ.

જીનદાસ—(નીર્દયસિંહને હરણપર ધનુશબાણ ધર જોઇને દૂરથી.)

દોહરા.

જીવ દયા ગુણ વેલડી, તસફળ શિવ સુખકાર;
પ્રીતેથી તે પામવા, હરણ બચાનુ સાર. ૧
દાન શીયળ તપ ભાવના, એ શાસ્ત્રજ અનુસાર;
જીવ દયા ઉત્તમ અધિક, એમ ભાંખ્યું કિરતાર. ૨
સ્યામ દામ ભેદે કરી, હરણ બચાવું સાર;
નહિતો પછી ધિકધિક મને,ધિકધિક મુજ અવતાર. ૩

(પાસે આવીને મોહી રહ્યોછું મંદહાસ્યમાં એ દેશી.)

જોઈ રહ્યોછું તારા ત્રાસમાં, રાજાજી હુંતો જોઈ રહ્યોછું તારા.
દુધમાં મીઠું ઘટે નહીં નાખવું,ઘટેતો નાખો છાશમાં.રાજાજી.
પૃથ્વી ઉપર ફળફુલ ઘણાંછે, સાને નાખોછો હરણ પાસમાં.રા.
આપના અંગે એક આરઅડેતો,રહેશો અતિસેં ઉદાસમાં.રા.
મહેર લાવી તેપર દયા ધરો નેં, ફરવાવ્યો એને હાસમાં.રા.
આટલું કેતાં સ્વામી માનો નહીતો,(રાજા સનમુખ આવીને.)
મને મારો ઉભો પાસમાં. રાજાજી.

નિર્દયસીંહ—(હરણના નાસી જવાથી ક્રોધ કરીને.)

ગીતિ.

પકડો એને પકડો, માર મારી અને નાખો કેદમાં
એ મરસે આજે નકિ, વિના સ્વાર્થે ને પર વેદમાં. ૧

(માણુસો જીનદાસને માર મારી, આકરા બંધને બાંધી લઈ જાય છે અને થોડેક દુર જઈ મૂકી જતા રહેછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—વન.

જીનદાસ એકલો.

જીનદાસ—(હાથ પગ દોરડાથી સજડ કરેલ હાલતમાં.)

(ઓધવજી સંદેશો કેજો શ્યામને એ દેશી.)

હે રાજુલ પતિ સહાય કરો તુમ દાસને,
ભુલ ચુક હોય તો કરો સ્વામીજી માફજો;
કરૂણાં નજર કરૂણા નિધિ ન કરસો તમો,
ઇનસાફી થઈ નહીં કરો શું ઇનસાફજો. હે રાજુલપતિ.
વ્રતના નીયમ દિન પંદરથી છે માહયરે,
તો પણ સ્વામી ન ઘો મુને દરશનજો;
હરણ બચાવતાં પડયો અહીં હું પાસમાં,
સ્વામી જીવ દયાનું છે મુજને વસનજો. હે રાજુલપતિ.
મુજ મીત્રોને નારી શું કરતાં હશે,
મુજ વિયોગે ઝુરીને ખોસે પ્રાણજો;
દીવસ પંદરથી જોતાં હશે મુજ વાટડી,
અથવા હું ડુબ્યાની થઈ કંઈ જાણજો. હે રાજુલપતિ.
પાપ ઉદય પરભવનાં આ શું આવીઆં,
કર્યાં કરમ ભોગવ્યા વીણ નહીં છુટાયજો;
છાનો માનો છળ કરિને છુટુ અહિં થકી;

પ્રભૂ પૂજાનું વ્યસન નહીં મૂકાયજો. હે રાજુલપતિ.

(બંધ દંતવડે કાપી નાસી જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—વન.

સુલક્ષણા અને પછીથી ચાર જુગારીઓ.

સુલક્ષણા—(એકલી.) ધનપ્યારીતારી અકલને જાઉ વારી. દેશી

અહો પ્યારા પ્રભૂ, અરજ સુણો આ મારી;
કષ્ટ પામે છે ઘણું, તુમ તનયા બીચારી. ટેક.

ચાલ.

આસ આપની એટલી રાખું, દાદા દરશન આપો;
સ્વામીનો સંયોગ કરાવો, કષ્ટ દાસીનું કાપો. અહોપ્યારા.
શીયળ ભંગ કો દૂષ્ટો કરશે, જીવ જશે તે વાર;
અરે આપઘાત કરવો પડશે, નોધારા આધાર. અહોપ્યારા.
તારણ તરણ નાથ નીરનજન, સહાય થજો આ વાર;
આ અટવીમાં એકલી અબળા, આપ તણો આધાર. અહો.
જાદવની તો જરા નીવારી, કષ્ટ કર્યું સૌ દૂર;
સાહીબ સહાય સુતાને કરજો, કરી પ્રેમ ભરપૂર. અહોપ્યારા.

(ચાર જુગારીઓ પ્રવેશ કરેછે, અને સુલક્ષણાને જોઇને.)

૧ લો. જુ— ગીતિ.

વિલાપ કરવો મૂકી, આવો પ્યારી મમ પાસે બેસો;
વિલાસ કરીએ આપણ, મૂકિ દ્યો હવે સઘળો અંદેસો. ૧

૨ જો. જુ—સુખ સઘળી વાતેછે, પણ મદન પીડા કરેછે ભારી;

તે પણ આજે જાસે, સંયોગ થયો શુભ તારો પ્યારી. ૨

સુલક્ષણા—સૂણો બાંધવ મારા, પરપત્નિ બેન સમાન ગણો;
બાઈ તુમારી ભગની, સાને વચન બાણે પ્રાણુ મુજ હણો. ૩
સજ્જન વચન સુખદાઈ, સિયળભંગી નરને પાપ બહૂ;
હું સિયળવૃત નારી, પ્રાણુ જતાં સિયળ જાવા નવ દહૂં. ૪

૩ જો. જુ—(દારૂ પીધો હતો તેનો નીસો ચઢવાથી.)

ગીતિ.

સાની સીતળતા આવી, અહા આકાશમાં ઉગ્યા તારા;
આવો ગમત કરીએ, મીત્ર સૌ પ્યારા સારા મારા. ૧

(સઘળાને કેફ ચઢેછે. તેથી એકપછી એક ચારે જૂગારીઓ લોટી જાયછે. લાગ આવવાથી સુલક્ષણા જતી રહેછે.)

પ્રવેસ ૬ ઠો.

સ્થળ—વન.

જીનદાસ એકલો.

જીનદાસ—

(વાઘ એક અજાને મારવાની તૈયારીમાં જોઈ એકદમ.)

મનહર છંદ (ધ્રુપદમાં પણ ગવાશે.)

દૂષ્ટ કરે બહુ કેર, આને એને કયાંથી વેર;
અબુઝ જાણેજ નહીં, પાપીઓ હું થાઊંછું;
પાપ કર્મ કર્યા થકી, ભાઈ મરવું તો ભલું;
સમજ સમજ ભાઈ, તને સમજાવું છું;
થોભ થોભ માર નહીં, ફળ લાવી દઊં તને;

મનમાં ન જાણુ કે હું, જબરો કેવાઊં છું;
આજ તને આપું નહીં, આમાં તારૂં દાપૂં નહીં;
અજાને બચાવું અહીં, જાણુમાં જે ખાઊં છું. ૧
મહા પાપ ઉદયથી, પશુ જન્મ પામ્યો તું તો;
તોય શિક્ષા વળી નહીં, તને શાની લાજ છે;
સમજ સમજ તું તો, સમજાવું ઉલટથી;
જીવ દયા થકી તારૂં, સુધરવા કાજ છે;
શીખ સારી માને નહીં, કહ્યું ધરે કાને નહીં;
તો તું માર મને ભાઈ, એને મારી સાજ છે;
આજ તને આપૂં નહીં, આમાં તારૂં દાપૂં નહીં;
અજાને બચાવું અહીં, જાણમાં જે ખાજ છે. ૨

(વાઘ જીનદાસને પંજો મારી નાસી જાયછે. બકરૂં પણ નાસી જાય છે. બાદ વહેતે રૂધીરે શેઠ પણ જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—વન.

પાત્ર—દૃઢમૈત્રી એકલો.

દૃઢમૈત્રી—(રાગ ઇંદ્રસભાનો. રાજા હું મેં કોમકા. એ.)

સાહય કરોને ઇશ્વરા, અર્જ ઉર ધરી;
વિયોગીનો વિયોગ કાપ, દૂઃખ આ હરી. ટેક.
શોધુ ખટમાસ થયાં, અટવીમાં ફરી;
પત્તો ન લાગ્યો બાંધવા, તાહયરો જરી. સહાય.
સારસ સજોડાં દેખીને, રડું યાદ કરી;

નિશ્વાસ નીકળે અતિ, મરૂં ઝુરી ઝુરી. સહાય.
ગોત્યો તુને ગીરિ ગુફા, હીમત બહુ કરી;
વાઘ વરૂના સાદથી, ધ્રુજુ ડરી ડરી. સહાય.
પીયર મુકવા જતાં ખોઈ, તારી સુંદરી;
અવિશ્વાસે નાસિ કે કોઈ, લઈ ગયો હરી. સહાય.
ચાલ જીવ શોધ કર, હીમત બહુ કરી;
શોધ સહસ્ત્રે વિયોગ રૂપ, વિદારૂં અરી. સહાય.

(જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ વન—જૂગારી આવાસ.

ચાર જૂગારી પછી જીનદાસ.

૧ લો. જુ— દોહરા.

સાર ઘણો જુગટા વિશે, વિણ શ્રમ જર મળનાર;
દુરગુણ એક નવ રહ્યો, પડ પાસા પોબાર. ૧
૨ જો. જુ—દીવસ ત્રણની અંદરે, ખોયા ચારહજાર;
સંકટ સમય આવિ પડયો, પડ પાસા પોબાર. ૨
૩ જો. જુ—મન દિલગીર રાખે ઘણું, હારે નર જે વાર;
હરકત માત્ર છે એટલી, પડ પાસા પોબાર. ૩
૪ થો. જુ—ફકડમાં વખણાય બહૂ, જે દ્યૂતને રમનાર;
મૂરખ ગુણ જાણે નહીં, પડ પાસા પોબાર. ૪

જીનદાસ—(પ્રવેશ કરીને)

(હોરી ભલે આવ્યા હું હરસે ભરાણી એ દેશી.)

બાંધવ વાત કરો શું સારી,
દ્યૂત રમવામાં સાર શું દેખો, તજો તમે તે વીચારી;
નિધાતો સૌ દેશમાં થાસે, જર જાસે સૌ હારી;
નવ કરસે કો તમારી યારી, બાંધવ વાત કરો શું સારી.
દ્યૂત પછાડી દૂર વસન બહૂ, ચોરી જૂઠને જારી;
એકલડા વગડે વસવાનું, તજી પોતાની નારી;
વળિ બીક રાજાની ભારી, બાંધવ વાત કરો શું સારી.
નગરપતિના જો જાણવામાં, આવશે વાત નઠારી;
પકડાવીને કેદમાં નાખસે, દુઃખ દેશે બહૂ ભારી;
તજો તમે આ વિચારી, બાંધવ વાત કરો શું સારી.
સગા વહાલામાં ખુરા થવું તે, શું છે આનંદકારી;
વળિ વિભુનો કોપ થશે તો, નથી છુટવાની બારી;
કષ્ટ પામશો બહૂ ભારી, બાંધવ વાત કરો શું સારી.

૧ લો. જુ—(બાઈ પઠારો કેમ ઉઘાડ્યો, જોઈ કુંચી બેસાડી કઈ. દેશી.)

બાઈ રમવું હોયતો અહીં આવો, નહિતો છાનામાના જાઓ;
મમ બાંધવછે અતિ અલબેલા,સીદ માર તેનો તમે ખાઓ;
૨ જો. જુ—મૂરખ માથાફોડ ન મૂકે,કરોતમે સૌએટલું કામ;
મારો મારો મારો ધક્કા, મારો એને તમે તમામ. ૧

(સૌ લોકો ધકા મારવા માંડે છે એટલે.)

જીનદાસ—

જીનમંદીર બતાવો, પૂજા કરવાની પ્રિત છે અતિ મુને;
તો હું ઝટપટ ચાલું, ઉભો નહિ રહું જરા તુમ કને. ૧

૧ લો. જુ—(તેને કાઢવાના ઇરાદાથી.)

દોહરો.

પૂર્વ દિસે પાવા પુરી, નગર અતિ શૂખકાર;
વિર પરમાત્મા ત્યાં વસ્યા, જા જા જા તું પાર. ૧

(જાય છે. પછી.)

૨ જો. જુ—ભોજનવેળા થઈ ગઈ, ચાલો સરવે ભાઇ;
નીરાંતે રમશું પછી, જમિ ભોજન સુખદાઈ. ૧

(સરવે જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—વન

પોતાના અનુચરો સાથે નિર્દયસીંહ અને સુલક્ષણા.

નિર્દયસીંહ—(સુલક્ષણાને જોઈ પોતાના અનુચરોને.)

(જા સખી તું વેગે વેલી લાવ્ય અશ્વપાળ. એ દેશી.)

જાઓ તમે સૌ ઉતાવળા, પકડો પેલી નાર;
ચંદ્ર વદનને મૃગાનેણી, કટી મૃગ સરદાર.
વિધિએ ન કરિ દૂજિ કામિનિ, આ દુનિયાની માહ્ય;
હંસગતી એ ચાલ ચાલતી, હળવે હળવે જાય.

(માણસો સુલક્ષણાને પકડેછે તેથી.)

સુલક્ષણા—શાને માટે પકડો મૂજને, વિણુ અપરાધે આપ;
પરનારીને પીડા દેતાં, લાગે તમને પાપ;

અનુચરો—હુકમ રાજાનો છે અમને, તે ફોગટ નવિ જાય;
રાણી કરવા તુજને પકડી, સાને મન ગભરાય.

(પકડીને રાજા પાસે લાવે છે એટલે.)

નિર્દયસીંહ—આ સૌ ખટપટ પડતી મૂકી, આવો પ્યારીપાસ;
સૂલક્ષણી શાના માટે, કરેછે ચેરો ઉદાસ
ચાલો પ્યારી મહોલે જઇએ, દઉં વસ્ત્ર વિધ વિધ;
જોઈ રડતી દયા ધરિને, પ્રભૂએ મેળવી દીધ.
સારી નારી પ્યારી મારી, મુખછે તુજ અરવીંદ;
મહોલોમાં મજા કરોને, મૂજને ગણી ઇંદ.
પટરાણી તું થાજે મારી, મન ઇચ્છીત સુખ માણ;
સહસ્ત્ર શેવક તુજને આપૂં, ચાલ ચતૂર સુજાણ.

સુલક્ષણા—પારકી નારી પ્યારી કેતાં, ધરો વિચારને આપ;
શાને માટે મોહ કરોછો, તમેછો મારે બાપ.
સરવે પ્રાણી સરખાં ગણવાં, પરદારાને બેન;
પરધનને માટી સમ ગણવું, શાસ્ત્ર તણું એ કેણ.

(કામછે દુષ્ટવિકારી એ દેશી.)

આ દેહ અતિછે નઠારી, અહો રાજા આદેહ અતિછે નઠારી;
રૂધીરમાંસથી એહ ભરેલી, અંતે દુરગતિ દેનારી. અહો.
કુચતો થેલા માંસના દીસે, એમ શાસ્ત્રે ધીકારી. અહો.
સમજુ તમેતો મહાપુરૂષછો, જુઓ મનથી વીચારી. અહો.

નિર્દયસીંહ—

સાંભળ વાત આ મારી, અહો નારી સાંભળ વાત આ મારી.
તુજ કરતાં હું અધિક સમજુ પણ, મદનપીડે મને ભારી. અ.
કાલાવાલા કર્યે જાવા નહિ દઉ, કરવીછે તુજથી યારી. અ.
હમેસ માટે કરૂં પટરાણી, એવી વાત મેં ધારી. અહોનારી.

સુલક્ષણા—

રાયની આગળ રૈયત પશુ સમ, બેટા બેટી તે તમારી. અ.

મુજનેપણુ તમે બેન બરોબર, ગણોને ભાઈ વીચારી. અ.
જીવ લહોતો ભલે રાયજી, સીયળ નથી ખંડનારી. અહો.
લોભલાલચ કાંઈ તમે બતાવો, નથી હું લોભાનારી. અહો.

નિર્દયસીંહ—

સમજુ થઈ કાંઈ વાત વીચારો, અહીથી ક્યાં તું જનારી. અ.
આનાકાની કરવી નહીં મૂકે, માર પડશે બહુ ભારી. અહો.

(વળગવા જાયછે, એટલે એકદમ દૂર ખસીને)

સુલક્ષણા--

(ક્રોધમાં)દૂર રહે તું ભાઇછે મારો, દુષ્ટ વાત સું ધારી. અહો.
ધીકાર તુજને રાજપુત્રહે, ગણી નહિ પરનારી. અહોરાજા.
માત બેનનો તુંનો ભોગી, અતિ દીશો બ્યભિચારી. અ.
મદનના વસ તું અંધ થયોછું, ધીકાર તુજને જારી. અહો.

નિર્દયસીંહ—અતિશય તુચ્છકાર વચને કરી ક્રોધિત થઈને.)

ગીતિ

ધક્કે મારી કાઢો, મમ ચેતકો આ નારીને તમે;
મૂજને ઘાયલ કિધો, રૂપેને વચને આજ આ સમે.
(સીપાઇઓ ધકા મારી કાઢી મુકે છે. સરવે જાયછે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—વન પર્વતનિ ગુફા.

પાત્ર—જીનદાસ.

જીનદાસ—(વૈદરભી વનમાં વલવલે, અંધારી રાત એ રાહ.)

જગત સ્વામી મારૂં શું થશે, કષ્ટ કથ્યું નવ જાય;
એકલડો અતિ આથડું, આ અટવીની માંય. જગત.
જૂગારીએ તો જાળવ્યું, પરભવનું વેર;
પાવાપૂરીનો જડે નહિ, મારગ શુભ પેર. જગત.
શેવા ન થાય પ્રભુ આપની, વિયોગ મિત્રને નાર;
આથડાવું અટવી વીશે, કર્મ તને છે ધીકાર. જગત.
અજા અટવીમાં બચાવતાં, કોપ્યો સેર તે વાર;
શરીર ચીરી નાખ્યું અરે, બળે જેમ અંગાર. જગત.
નથી દૂભ્યાં કોના કાંળજાં, ચુકયો નથી ધર્મ લેશ;
ઉદય થયાં પાપ કયારનાં, કષ્ટ પામ્યું જે વિશેસ. જગત.
તોપણ આપ વિના સહુ, ભુલેછે સંસાર;
કરૂણાસાગર કરૂણા કરી, માફ કરો આ વાર;
દ્રિસન આપિ કષ્ટ કાપશો, મેળવો મીત્રને નાર;
કિંકર જાણી પ્રભુ આપનો, કાપો દુઃખ આ વાર. જગત.

(મૂર્છાવસ્થા થાય છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—વન જુગારિ આવાસ.

ચાર જુગારીની ટોળી અને દૃઢમૈત્રી.

દૃઢમૈત્રિ—જુગારીઓને જુગાર રમતા જોઇને પ્રવેસ કરતાં.)

(વનચર વીરા વધામણી એ રાહ.)

આ અધરમ રૂપ ક્યાં થકી, સડો પેઠો શરીર;
ચેતો ચેતો દ્યૂતને મૂકો, સુણી શીખ આ વીર. આ.
વીચાર કરો મૂજ બાંધવા, રાખો રાજાની બીક;
જાણશે તો ઝેર આણશે, કહુંછું કથન હું ઠીક. આ.
જુઠ જારી ચોરી અને, દ્યૂતને છે ધીકાર;
જે જન તેનો સંગ કરે, પડે તે નરક મઝાર. આ.
યુધીષ્ટર આદિ મહાત્મા, મોટા મોટા રાય;
દ્યૂતે દુઃખી દયામણા, કીધા પલકની માંય. આ.
કેવાનો ધર્મ છે માહયરો, એમ સમજીને ભાઈ;
એ શૂકન કહ્યાં આપને, સ્વાર્થ નથી મને કાંઇ. આ.
કીરપા કરો મુજપર તમે, આપો સુવાનો ઠામ;
પરભાતે નગરભણી જસું, આટલું આપથી કામ. આ.

(દૃઢમૈત્રીને સુવાનું સ્થળ બતાવે છે અને તે ઊંઘે છે. એટલે ચારે જુગારીઓ ફરીથી જાગૃત થઇને.)

૧ લો. જુ— ચોપાઈ.

તમે સાંભળો મારા ભાઈ, આ દુષ્ટ થાશે દૂઃખ દાઇ;
કરશે રાજાને તે જાણ, કેદ કરાવી કરશે હાણ. ૧

૨ જો. જુ—
શુણુ ભાઈ નથી એવો આપ, ઊંઘયો કરતો અતિ વિલાપ;
એનું ગજું નથીરે કાંઈ, સીદ ગભરાઓ તમે બાઈ. ૨

૩ જો. જુ—(બીજા જુવારી પ્રત્યે.)
તારૂં કેવું નથી સસ યાર, પાણી પેલ ન ચણુવીસું પાર;
એમ તારા મનમાં ગુમાર, હજું ન થયો તું હોસીયાર. ૩

૪ થો. જુ—
કહું હું તે કરો સૌ કાજ, પ્રભુ રાખશે આપણી લાજ;
માગિ પ્રભૂ કેરી સૌ સહાય, નાખી આવો ગિરિગુફા માંય. ૪
પછી નહિ જડે એને ગામ, નહિ પત્તો લાગે આ ઠામ;
આપણું કારજ સીદ્ધ થાય, આ પાપ આવ્યુંછે તે જાય. ૪

૧ લો. જુ—
ધનધન બાંધવ તારી બુધ, આ મૂરખની ગઇછે શુધ;
હવે થાઓ તમે તીઆર. ઉપાડો ખાટલો આ વાર. ૫

(સર્વે કમરો બાંધેછે)ખાટલા સહીત ઉપાડેછેઅને જાયછે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—વન પર્વતની ગુફા.

જીનદાસ અને પછીથી દ્રઢમૈત્રી.

(જીનદાસ સુતોછે, અને જુગારીઓ ખાટલા સહીત
દ્રઢમૈત્રીને મૂકી જાય છે.)

જીનદાસ—(પ્રભાત સમય જાણી ઇસ્વર સ્તુતિ કરે છે.
(લાવણી શ્રી અજીતનાથ એ રાહ.)

ધન જગત સ્વામી વીર, તાજછો સીર, નમું ધરી ધીર,
જગત ઉપકારી;

હું વંદન કરૂં પ્રભાત દેવ મોરારી.
અરજ સુણો તમે આજ, સુધારો કાજ, કરો મને સાજ,
કરૂણાકારી;
નજર કરો જો નાથ દુ:ખ જાણી હારી;
આ ભૂતળ અને આકાશ, જ્યોતીરૂપ વાસ, કરમ કર્યું નાસ,
નવી પડે નજરે;
એવા સુરસ્વામીની શેવ, આતમ તું સજરે;
પ્રભુ મને દાસ ધારી, મોક્ષની બારી, અતિ સુખકારી,
બતાવો સારી;
હું વદન કરૂં પ્રભાત દેવ મોરારી.
પ્રભુ કમળ સમ તુજ ચરણ, જે દુ:ખ હરણ, કરૂ તેનું
સરણ, જગતના સ્વામી;
નજર કરિ કરો નાથ દુર ગતી વામી.
જયોતી રૂપ તમે છો દેવ, આપો મને શેવ, હવે તતખેવ,
મને લ્યો તારી;
નજર કરોને નાથ દાસ નીજ ધારી.
વીતરાગ પ્રભુ તુજ નામ, કરૂણાનું ધામ, મને રદયે હામ,
કરો સાહય મારી;
હું વંદન કરૂં પ્રભાત દેવમોરારી.
દિનાનાથ તું છે સાચો, નથી કાંઈ કાચો, કરો કેમ લાંચો,
દરીસન આપો;
સુખના સાગર મને શેવક કરી સ્થાપો.
પ્રભુ શીવ વધુ નારી કરિ તમે પ્યારી, અતિ સુખકારી,
મનથી ધારી;

અજર અમર અવિનાસિ થયા અવિકારી.
મુજ હ્રદય કમળે વાસ, કરો ગણી દાસ, કરૂં એવી આસ,
મનથી ભારી;
હું વંદન કરૂં પ્રભાત દેવ મોરારી.
સ્તુતિ કરી મેં આજ, ભકિતનાં કાજ, આપો સુખ સાજ
તુમ ઓળે માથું;
જીન ધરમ રૂપી બાણુ તણું દ્યો ભાથું.
જીન ધરમ છે સુખકારી, ભજો નરનારી, જાણું વારી,
મોક્ષફળ ફળવા;
ત્રણુ જગત તણા શુભ સૂર્ય વીરને મળવા.
મુજ બુદ્ધિ અતિ છે મંદ, કહે પ્રેમચંદ, કરે બાળફંદ,
જીન લ્યો ધારી;
હું વંદન કરૂં પ્રભાત દેવમોરારી.

(કંઇક વધારે અજવાસ પડવાથી દ્દઢમૈત્રીને ખાટલાસહિત નજરે જોવાથી તેની પાસે જઇને.)

ચોપાઈ.

તુમે કોણુ છો મારા ભાઈ, તુમ મુખ અરવીંદ સુખદાઈ;
ક્યાંથી આવ્યા અને ક્યાં જાસો, અહીં રહ્યા હતા સું વાસો.
(દ્દઢમૈત્રી આલસ મરડી જાગૃત થાયછે.)
શું ભુલા પડ્યા તમે ભાઇ, કે કષ્ટ પડયું તમને કાંઈ;
ક્યાંથી આવ્યા અટવી મઝાર, કહો કારણુ તમે આ વાર.

(દ્દઢમૈત્રી વિચારમાં પડેછે. બુદ્ધિવડે જૂપટીઆઓનું છળ જાણી હીમત ચલાવીને)

દૃઢમૈત્રી—હું છું વણઝારોરે ભાઇ, મુજ પોઠો ગઈછે ખોવાઇ;
તેથી દુઃખ પામું અહીંઆજ, રાખશે સંખેશ્વરો લાજ.
ભૂખે દિન ત્રણથી પીડાઉ, જળ વિના પણ દુઃખી થાઉ;
હવે કહો વીતક સૌ આપ.

(કોઇ કરૂણાસ્વરે રડતું સંભળાયછે.) અરે કુંણ કરેછે વિલાપ.

જીનદાસ—(બરોબર અવાજ સાંભળીને.)

હારડતું કોઇ સંભળાય, ચાલો આપણ કરિએ સહાય;

દૃઢમૈત્રી—ચાલો મીત્ર તમે આ વાર, પરોપકારે પ્રભુ આધાર.

જીનદાસ—

ભૂખ્યા તરસ્યા તો ન ચલાય, જમી લ્યો આ ફળ ફુલ કાંય.
પર ઉપકારે તમે સૂરા, દયા તણા સાગર છો પૂરા.

દૃઢમૈત્રી—**દોહરો.** દયા ગુણ ઉત્તમ ઘણો, શુભશણગાર જ એહ;
પર દુઃખ ભંજન કારણે, શું ખાવું શું નેહ.

(બંને જણ જાયછે. હજુ બરોબર પરભાત નથી થયું તેથી પરસ્પર પીછાનતા નથી.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—વન પર્વતની એક ગુફા.

પાત્ર—સુલક્ષણા પાછળથી જીનદાસ અને દૃઢમૈત્રી
છેવટે ઇંદ્રનો મોકલેલ એક દેવ.

સુલક્ષણા—(એકલી મહોલે પધારો મહારાજ મણીગર મહોલે પધારો.)

સહાય કરો પ્રભુ આપ, આદિનાથ સહાય કરોને;
કષ્ટ પ્રભુ આ તું કાપ, આદીનાથ સહાય કરોને. ટેક.

સાખી.

અઘોર વનમાં એકલી, રખડું અહો દિન નીસ;
મુજ મદદે કોઈ નથી, આપ વિનારે જગદીશ. આદીનાથ.
સ્વામી વિયોગે રખડતાં, અરે! થયા ખટમાસ;
ભૂખ તરસ નિદ્રા મુકી, ગોતી ગોતી થઇછું નીરાસ. આદી.
સ્વામી મારા સાહેબા, શા માટે કરો વાર;
આપ વિયોગે રખડતી, હવે મરશે તુમારી નાર. આદીનાથ.
વાઘ વરૂના સાદથી, ચમકે અતિ મુજ મન;
ધન દમયંતી તુજને, જેણે કષ્ટ કર્યારે સહન. આદીનાથ.
સુંદર બપૈયા બોલતાં, પીયુ પીયુ કરિ પોકાર;
સાંભળી નિશ્વાસ નીકળે, મુજ તન બળેછે અંગાર. આદી.
આ અજવાળી ચંદ્રની, સરદ પુનમની રાત;
ચકોર પ્રિતી દેખિને, કરૂં અતિશે હું અશ્રુપાત. આદી.
ચંદ્ર સીતળતા અગ્ની સમ, સીતળ પવન દુઃખદાઇ;
અનગ પીડાથી પરજળું, સ્વામી સુઝે ન મુજને કાંઇ. આદી.

(જીનદાસ અને દઢમૈત્રી આવે છે.)

છેલ્લી ઘડી સ્વામી માહરી, મરણ આવ્યુંછે પાસ;
આ અટવી ઉપવન કરૂં, સ્વામી મળીરે કરો જો ઉલ્લાસ આદી.

જીનદાસ— (રાગ ઉપરનો સુલક્ષણા પ્રત્યે.)

કેને તું તારી વાત, સુગુણી નારી વાત તું કેને;
સીદ કરે છે અશ્રુપાત, સુગુણી નારી વાત તું કેને. ટેક.

સાખી.

સ્વામી સ્વામી સી ઝંખના, તું કોની છે નાર;
કોણ મુલકછે તાહરો, મને કેને તું આણી પ્યાર. સુગુણી.

સુલક્ષણા—મહાસય સુછે આપને, પૂછો દેશ સ્વામીન;
અબળાથી શું કામ છે, સાને કરોછો મુજને ખીન. આદી.
હું શીયળવ્રત નારીછું, પરપુરૂષ બાંધવ બાપ;
સ્વામી વિયોગે એકલી, કરૂંછું અહીં બેઠી વિલાપ. આદી.
દૃઢમૈત્રી—સાને ગભરાય તું સુંદરી, કહું હું સાચી વાત;
પર નાર સહોદર અમે છીએ, નથીરે જારીની જાત. સુગુણી
સુલક્ષણા—સ્વ વચન સાચાં હોયતો, ચાલ્યા જાઓ આ વાર;
પત્નીવ્રતને સાચવો, નવ બોલાવો પારકી નાર. આદીનાથ
જીનદાસ—રડતી તુજને સાંભળી, ધીરજ ન રહી મનમાંય
દુઃખનું કારણ પૂછવા, અમે આવ્યા હેતેથી આંય. સુગુણી
એમ છતાં તુજને અરે, ઉપજે મન કલેશ;
શાને હવે રહીએ અમો. આ ચાલ્યા ગભરામાં લેશ. સુ

(જાવા માંડેછે કે તરતજ દેવ દુંદુભી વાગેછે પૂષ્પ વૃષ્ટ થાયછે. અને એક દિવ્ય પુરૂષ ત્યાં આવેછે. જીનદાસ તથા દૃઢમૈત્રીને કરઝાલી પાછા વારેછે અને.)

દીવ્યપુરૂષ— (ક્યાં મળશે ચંદન પ્યારો. એ દેશી.)
તમે બેઉ મીત્ર નરનારી, પ્રભુએ મહેર કરિ અતિ સારીરે
કષ્ટ પડતાં શિયળ સાચવ્યું, ટેક તમે ધરી સારીરે. તમે
તુમ સમ જીવ દયા જુગતમાં, કોઈ ન પાલણુહારીરે. તમે
મીત્ર દૃઢતા તમારી જોઇને, જાઉંછું વારી વારીરે. તમે
જીન ધરમને ઉત્તમ જાણી, જીન પૂજા નવ વીસારીરે. તમે
અતિશય કષ્ટ પડયું ભાઈ તુમને, ઈંદ્રાસન કંપ્યુ ભારીરે. તમે
ધરા ઉપર શું અચરજ થયોછે, હરીયે જોયું તવ ધારીરે. તમે

મુજને તુમ પાસે અહીં મોકલ્યો, સુખ કરવા દુઃખટાળીરે. તમે.
જીનસાસનનો મહીમા કહેવા, ઓળખાવા નરનારીરે. તમે.
જીવદયા જૂગમાં છે મોટી, જીનધરમ સુખકારીરે. તમે.
જીન પડીમાને નિત્યે પૂજે, ઉઘડે મોક્ષની બારીરે. તમે.
તમેછો દમપતિ આ તુમ મીત્ર, જાળવી મીત્રતા સારીરે. તમે.
દેવદુંદુભી જુઓ વાગેછે, પુસ્પ વૃષ્ટી થાય ભારીરે. તમે.
આટલું કહેતા નિસ્ચે નથાયતો, સુણોવાત એક મારીરે. તમે.
બંને મુંદ્રીકા બેય તપાસો, જે છે પાસે તુમારીરે. તમે.
ત્રણે મળો આજ અતિ ઉલ્લાસે, નગરી બતાવું તુમારીરે. તમે.
ત્રણેજણુ શુભ દયા ધર્મ ધરજો, બેસો ખંધપર મારીરે. તમે.

(આ વખતના હર્ષનો ચીતાર મારાથી આપી સકાતો નથી પ્રિય વાંચનાર! આપજ ખ્યાલ કરી લ્યો. ત્રણે જણ હર્ષથી ભેટેછે. અને દેવ પોતાની ખાંધપર સરવેને બેસારી લઈ ચાલે છે.)

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—દઢમૈત્રીનું ઘર શ્રીનગર મધ્યે.

શીલવતી અને તેની દાસી.

દાસી—(તું દીલગીર દીસે શા કારણ, બોલ લીલાવતી બાઈરે. એ રાહ.)

મન ઉદાસ બેની કેમ દીસે, સ્વામી સ્મરણ શું થયુંછેરે;

અતિશે પ્રીતાથી એ મુજ બેની, તુરે સપનું તુજ ગયુંછેરે. મન.
ધીરજ મનમાં બેન બહુ ધરીએ,સગતા તરૂનાં ફળ મીઠાંરે.

શીલવતી—

ધીરજ મનમાં હવે નથી રેતી, સ્વપ્ને સ્વામી મેં દીઠારે. મન.

દાસી—(તેને ધર્મ કાર્યમાં જોડી. દીલગીરી વીસરાવા માટે.)
જીનધરમ જયકારી જગતમાં, ટેક તને બહુ રાખીરે.
મોક્ષ ફળદાયક શુભ ધરમ એ, કેવળી જેમા સાખીરે.મન.
જિનપૂજા બાઈ નીત કરેછો, આજે કેમ વિસારેરે;
ઉઠો ઉઠો બેન વખત જાયછે, પુજનથી દુઃખ હારેરે.મન.

શીલવતી—હા ચાલો મુજ પ્યારી બેની,આપણ સાથેજઇયેરે;
વિતરાગ ભક્તિ ભાવે કરીને, અવિચળ સુખડાં લઇયેરે.
(બંને જણ જાયછે. વાચનાર ! દ્દઢતાનો દાખલો.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—સ્નેહસાગરનું સયનગૃહ, શ્રીનગરમાં.

સ્નેહસાગર—(એકલો ખુરશીપર બેઠા બેઠા.)

(ક્યાં મળશે ચંદન પ્યારો એ દેશી.)

મીત્રવિયોગે મારૂં મન ગભરાણું, ચીત ઠરવાનું અન્ય નથી ઠેકાણું;
જે સાહીબ સુખદાઈ સંયોગે,વિયોગે દુઃખદાઈ જાણું.મીત્ર.
ઇંદ્રાસન સમ સાહીબી મારે,તુજવિણ તુચ્છ તે પરમાણું. મી.
ઠામઠેકાણાની ખોળ ના લાધે, કયાંથી કરવું તારૂં આણું.મી.

બાંધવ બેટી વિયોગ દુઃખ કાપો,વિયોગે થયું મારૂં કાળજું
કાણું. મીત્ર.

(દીલગીરીમાંજ નિદ્રાવસ્થા પામે છે.)

(ડ્રાપસીન.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—શ્રીનગર દઢમૈત્રીનું ગૃહ.

સીલવતી અને તેની દાસી પછીથી જીનદાસ દઢમૈત્રી
સુલક્ષણા અને એક દેવ છેવટે રાજાનો એક અનુચર.

શીલવતી—(પોતાની દાસી સાથ નિદ્રાવસ્થામાંથી સ્વપ્ન
આવવાથી જાગી ઉઠીને દીલગીરીના આવેશમાં.)

(મહોલે પધારો માહારાજ મણીગર મહોલે પધારો.)
દરશન દ્યોને સ્વામીનાથ, દાસીને દરશન દ્યોને;
નારીને મળો હસીને સાથ, વિયોગ દુઃખ કાપોનેરે.

(દાસી જાગી ઉઠેછે.)

સાખી

ત્રણ દીવશના વાયદે, ગયા હતા મુજ પ્રાણ;
જળ વિણ મીન તણી પરે, હવે થાશેજી મારી હાણ.વિ.
વરસ એક વીતી ગયું, પ્રિતિ વીસર્યા પ્રાણ;
મીત્ર શોધવા જો રહ્યા, તો કરજો દાસીને જાણ.વિયોગ.

(પોતાનું ડાબું અંગ ફરકવાથી.)

મુજ ડાબું અંગ ફરકે ઘણું, દાસી ચતુર સુજાણ;

દાસી—

વધામણી આજ લઇશ હું, નકી મળશે તુમારો ભાણ. વીયોગ.

(સુલક્ષણા જીનદાસ દ્રઢમૈત્રી ઇંદ્ર અનુચરનું પ્રવેશ કરવું.)

સુલક્ષણા— (રાગ ઉપરનોજ શીલવતી પ્રત્યે.)

ભેટો ભાવથી મોરી બાઈ, તમે આજ ભાવથી ભેટો;
વધાવી લ્યો સુખદાઈ, હવે સો દુઃખને મેટો. ટેક.

સાખી.

પાપ કરમ ઉદય થકી, ભોગવ્યું દુઃખ અપાર;
મહાસય ધરમ પસાયથી, અમે ઉતયાં દુઃખ દરીઆનીપ.ર. તમે.
જીન ધરમ જયકારી જગતમાં, ઉત્તમ આણુ વિતરાગ;
જેને એમ રદયે વસ્યું, પરીપૂરણ તેનાં ભાગ્ય. તમે.

શીલવતી—(થોડો વખત સ્વપ્ન તુલ્ય સ્તબ્ધ રહ્યા પછી.)

ઉમંગ વાધ્યો અતિ ઘણો, હર્ષ દીવાળી આજ;
પાડ પ્રભુનો અતિ ઘણો, જેને રાખીરે આપણી લાજ. તમે.

(રાય અનુચરનું આવવું.)

સીપાઈ— **ચોપાઈ.**

દ્રઢમૈત્રી અને જીનદાસ, તમે ચાલો પૂરપતિ પાસ;
સાથે લઇને તમે નિજ સતિ, એવું કહ્યુંછે ગને પૂરપતિ.૧

(સરવે જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—શ્રીનગર રાજકચેરી

રત્નેહસાગર બુદ્ધિસાગર વગેરે કચેરીમંડળ.
પછીથી જીનદાસ દ્રઢમૈત્રી શીલવતી સુલક્ષણા.
ઇંદ્રઅનુચર અને રાજઅનુચર.

સ્નેહસાગર— ગીતિછંદ.

આધવ મમ જીનદાસ, પત્તો ન લાગ્યો જરીએ તાહરો;
કીધો મને નીરાસ, જળ વિણુ મીન પરે જીવ માહરો. ૧

બુધિસાગર—

દીલગિરી દુર નાખો, મીત્ર તુમ આવ્યા મેં જોયા ખરે;
ધીર્ય તમે મન રાખો, તેડું મોકલ્યુંછે તેને ઘરે. ૨

(જીનદાસ વીગેરે પ્રવેશ કરે છે.)

સ્નેહસાગર—(રોમાંચીત થયો થકો આસનપરથી ઉઠીને.)

(ભાઈ પટારો કેમ ઉઘાડ્યો એ દેશી.)

આવો આવો બાંધવ મારા, કૃપા કરી અહીંઆં બેસો;
વહાણ તમારા જે સૌ આવ્યા, તે સંભારીને સૌ લેશો;
કષ્ટ પડયું શું તે કહો મુજને, કોણે તારિ કરિ શુભ સાજ;
માનવંતો મુજ મળ્યો નગરશેઠ, હર્ષ દીવાળી કરૂં હું આજ. ૧

સ્નેહસાગર— (તેજ રાગમાં.)

સાગર પડિયો કાષ્ટે તરીઓ, પછી આવ્યો સમુદર પાર;
પછી ભૂલો અટવીમાં પડીઓ, કષ્ટ ભોગવ્યું ત્યાંહી અપાર;
અંતે શુભ જૈનશાસન પસાએ, મદદ કરવા આવ્યા આદેવ;
ખધે બેસારી પલક એકમાં, લાવ્યો નગર મધે તતખેવ. ૨

હરીઅનુચર—(જુઓ પીતાજી નજર કરીને, સુંદર બાગ આ બન્યો કેવો ? એ દેશી)

જુઓ રાજાજી નજર કરીને, જીનસાસન મહીમા શુભ કેવો;
સપ્ત અવતારી આ દમપતિછે, સંદેહ જરા નહીં મન લેવો. જુઓ.

જો મોક્ષ સુખ શુભ વાંચ્છો રાજાજી, હૃદયમાં શુભ ધરમ જૈન ધારો;
જીવદયા અનુકંપા આદિક, શુભ કાર્યે ખપાવો અવેવો. જુઓ.
અન ધાન આદિક રૈયતને આપો, સંકટ તેનું તમે કાપો;
છઠ અઠમ આદિક અતિ તપસ્યા, રાખો કરવાની તમે ટેવો. જુ.
પૃતીક્રમણ દ્વી વખત કરોને, વીતરાગ પૂજો ધરી ભાવે;
એણી રીતે શુભ ધર્મ એ પાળે, તો છે મોક્ષ આગે નહી એવો. જુઓ.

સ્નેહસાગર— (તેજ રાગમાં.)

કથન આપનું માથે ચઢાવું, સીખ દીધી અતિ સારી;
નિત્ત વિધ રીતે ધર્મ શુભ પાળું, વળી પળાવું નગર નર નારી. કથન.
વીર આદિ ચોવીશ તીરર્થંકર, જેની શીવ વધુથી છે યારી;
તેના પવિત્ર પાદે સીર ધરીને, હું સુખ પામુરે બહુભારી. કથન.
જીનધરમી પણ હું છું શ્રાવક, લેશ દ્રઢતા નહતી મારી;
ધન જીનદાસ અને ધન તુમને, બુડતો લીધો મને તારી. કથન.
હવે મનમાં નિશ્ચે એમ વસીયું, મૂક્તિ રમણી જે છે સારી;
આ ધરમ વિણુ અન્ય ધરમથી, નકી મને નથી મળનારી. કથન.

ઇંદ્રઅનુચર— ઇંદ્ર આગ્નાથી તુમને આજે, સીખ દીધી આ મેં સારી;
સભા ભરી પોતે રાયજી ઇંદ્ર, વાટ જોતા હશે મહારી. ઇંદ્ર.

(દેવ આકાસ માર્ગે ગમન કરી જાયછે. જીન ધરમપર સૌનો પ્રેમ વધે છે. રાજા અમારીનો પડહ વજાડાવે છે.

અને દઢમૈત્રી તથા જીનદાસ સૌ સૌને ઘરે જાયછે. દશ વરસ સંસારસુખ ભોગવ્યા બાદ જૈનધર્માચાર્ય પાસે ચારીત્ર અંગીકાર કરી ચતુરજણ દેવલોક પામેછે. અને અનુક્રમે મોક્ષના વાસી પણ થાય છે. વાંચનાર! જોનાર! જગડામાં દેવનું મળવું, અને આ સમયનો હાનો મુકાબલો કરવાના વીચારમાં આપ રહો. અને વીતરાગ ભાષિત દયા ધર્મ અંગીકાર કરો. તથાસ્તુ.)

સમાપ્ત.

શ્રી.

પરમદેવ સાંતિનાથ.

સ્તુતય.

(સરવે પાત્રો સુરવરથી ગાયછે)

(કૃપા કરો ભગવાન પ્રભુજી કૃપા કરો ભગવાન, રાગ.)

મેર કરી ધરી પ્યાર, શાંતીનાથ મેર કરી ધરી પ્યાર;
તુહી નામ જુગતમાં સાર, શાંતીનાથ મેર કરી ધરી પ્યાર. ટેક.
તરણુ તારણુ દુઃખ નીવારણુ, તુહી જગત આધાર. શાં.
શીળ અને મીત્ર દ્રઢતાવળી, પ્રભુ ભક્તિ સુખકાર. શાં.
જીવ દયાનું માહાતમ કીધું, આ નાટક મોહોજાર. શાંતીનાથ.
જેહાલાલ સુ શ્રાવક કેરા, અલ્પબુદ્ધિ અનુસાર. શાંતીનાથ.
પ્રેમચંદેતો પ્રેમે રચ્યું, નાટક આ સુખકાર. શાંતીનાથ.
સુજ્ઞુણી સભા જન હસો આજે, ધરિને હરખ અપાર. શાં.
કદર કરવા અમોએ આર્‌યું, આ વખત આ ઠાર. શાં.
સકળ સંઘમાં સાહેબ શાંતી, કરો શાંતી આ વાર. શાંતી.
અરજી એટલી આજે આપને, કરી વંદી વાર વાર. શાં.
નાથ નીરનજન ભવભય ભનજન ઉપકારી સરદાર. શાં.
સકળ સજજન અરજ કરેછે, ધરો દીલમાં દાતાર. શાંતી.

શ્રી

આ પૂસ્તક પ્રસિદ્ધ કરવામાં નકલો ખરીદ કરી જે સદ્ગૃહસ્થોએ મને મદદ આપી છે, તેમના મુબારક નામોની યાદી.

નકલ સંખ્યા	નામ	ગામ
૨૧	સા. ભીખાલાલ બાદરચંદ મારફત	રાધનપૂર.
૧૦	સા. ભીખાલાલ બાદરચંદ	,,
૧	પટવા ડાહ્યાલાલ વાલજી	,,
૧	મહેતા કચરચંદ પીતાંબર	,,
૧	મહેતા ગોવરધન કચરચંદ	,,
૧	સા. છોટાલાલ પરસોતમ	,,
૧	ચંદુરા કેસરી દલીચંદ	,,
૧	શેઠ સુરજમલ જગસી	,,
૧	કોઠારી છગનચંદ ટોકરસી	,,
૧	સા. ખોડીલાલ સોભાગચંદ	,,
૨	સા. જીજી. વિનયચંદજી ધનજીજી	,,
૧	સા. હરજીવન માનચંદ	,,
૧	આંબડ ચંપકલાલ પાનાચંદ	,,
૧	દોસી. હરગોવન પંચાણજી	,,
૧	જાખેલીઆ. જેતસી પીતાંબર	,,
૧	સા. દલસુખ પુનમચંદ	,,
૧	સા. જેઠાલાલ ખેતસી	,,
૧૦	વકીલ હરજીવનદાસ દીપચંદ	,,
૫	માસ્તર કેસરલાલ હરજીવનદાસ મારફત	રાધનપુર.
૧૬	બીલોટા પરસોતમ ભોગીલાલ મારફત	રાધનપુર.
૧૦	બીલોટા પરસોતમ ભોગીલાલ	,,
૧	,, સવાઈ ભોગીલાલ	,,
૧	ભણસાલી ત્રીભોવનદાસ નીહાલચંદ	,,

૧ જાખેલીઆ જેતસી પીતાંબર ,,
૧ દોસી જુઠમલ દલીચંદ ,,
૧ દોસી વમલસાં હરજીવન ,,
૧ વકીલ. ભુદરદાસ વછરાજ ,,
૬ ગાંધી મોતીલાલ નાનચંદ મારફત ,,
૧ ગાંધી મોતીલાલ નાનચંદ ,,
૧ પરી. કરેમચંદ નેમચંદ ,,
૧ ગાંધી મગનલાલ રામચંદ ,,
૧ ગાંધી લાલચંદ રામચંદ ,,
૧ ભીલોટા કરેમચંદ કેવલ ,,
૧ ગાંધી મોહનલાલ જીવાણુ ,,
૬ રાજગર ત્રીભોવનદાસ કેવલ મારફત ,,
૧ રાજગર ત્રીભોવનદાસ કેવલ ,,
૧ પટેલ સીવલાલ ગંગારામ ,,
૧ સા. નરોતમ નગીનદાસ ,,
૧ પટેલ ખેમચંદ પુરસોતમ ,,
૧ દીવાનજી અચરતલાલ જવેરભાઇ ,,
૧ મહેતા મોહનલાલ જગજીવન ,,
૬ સા. છોટમલાલ ખુબચંદ ,,
૨ મહેતા મોહનલાલ હરીસંકર ,,
૧ મોદી હરજીવન ચુનીલાલ રાધનપૂર.
૬ ધામી નેમચંદ ખેંગારસી મારફત ,,
૧ ધામી નેમચંદ ખેંગારસી ,,
૧ સા. બકોર પીતાંબર ગામ ચંદુર.
૧ સંઘવી છોટાલાલ છગનચંદ ગામ સમી
૧ સા. જુઠાલાલ નાગરચંદ ગામ મૂજપુર.
૧ મોદી જેઠાલાલ અમુલખ ગામ મૂજપુર.
૧ શેઠ. નથુ ઉજમચંદ ગામ વેડ
૩ સા. ભુદરદાસ સામજી મારફત રાધનપુર

૧ સા. ભુદરદાસ સામજી હોસપીટલ કમ્પોંડર ,,
૧ મણીલાલ ગીરધરલાલ ,, ,, ,,
૧ દયાસંકર ગગજી હોસપીટલ આ. ,,
૮ મેતા. અમુલખ સુરચંદ મારફત રાધનપૂર
૧ મેતા અમુલખસુરચંદ ,,
૨ ,, કરેમચંદ લલુભાઈ ,,
૧ સેઠ દુલભદાસ બાદરચંદ ,,
૧ મસાલીઆ જીવનલાલ છગનચંદ ,,
૧ કોઠારી ત્રીકમલાલ સોભાગચંદ ,,
૧ પરી. ધરેમચંદ નેમચંદ ,,
૧ કોઠારી વાડીલાલ પૂનમચંદ ,,
૬ શેઠ પરસોતમ પદમસી ,,
૫ દોસી નાગર પૂજમલ મારફત ,,
૧ કોઠારી મનસુખ સોભાગચંદ ,,
૧ આંબડ કેસરી સરૂપચંદ ,,
૧ મણીઆર વરધમાન સરૂપચંદ ,,
૧ સા. નેમચંદ સકરચંદ ,,
૧ વોરા. ભીખાલાલ વલમજી ,,
૯ સા. લેરચંદ રાવજી મારફત ,,
૧ સા. તલકસી છગનચંદ ,,
૧ સા. સીવલાલ જેઠાલાલ ,,
૧ ભંડારી હકમચંદ ઉજમચંદ ,,
૧ મેતા દીપચંદ લલુ ,,
૧ પરી નાગર હેમચંદ ,,
૧ કોરડીઆ કેસરી હઠીસંઘ ,,
૧ મેતા દલીચંદ સાંકરચંદ ,,
૧ સા. પુનમચંદ જુઠમલ ,,
૧ ભીલોટા છોટમલાલ સુખમલ ,,
૧૦ દોસી હરજીવન પંચાણ મારફત રાધનપુર.

	૧ દોસી. હરગોવન પંચાણ	,,
	૧ સા. દલસુખ પુનમચંદ	,,
	૧ સા. ગગલ ભાણજી	,,
	૧ લાડુ કકલ મંગલજી	,,
	૧ સા. દલસુખ ગોડીદાસ	,,
	૧ સા. મોહન સંપરીત	,,
	૧ પટેલ રઘવરદાસ ઉમેદ	,,
	૧ કોઠારી કેસરી છગનચંદ	,,
	૧ વખારીઆ મનસુખ કીસોર	,,
	૧ સા. દલપત છગન	,,
૬	મોરખીઆ ગંભીર બાદર મારફત	રાધનપૂર
	૧ શેઠ ચુનીલાલ ઉગરચંદ	,,
	૧ સા. દલપત ભીખા	,,
	૧ ભણુસાલી. હરજીવન ડાહ્યાભાઇ	,,
	૩ સા. સીવલાલ બાદરચંદ	,,
૬	સા. હરગોવન છગનચંદ મારફત	,,
	૧ સા. હરગોવન છગનચંદ	,,
	૧ શેઠ. કેસરી હરજીવન	,,
	૧ કોઠારી હફલ કીસોર	,,
	૧ કોરડીઆ ખોડીલાલ નથમલ	,,
	૧ આંખડ કેસરી સરૂપચંદ	,,
	૧ સા. પોપટ ખુસાલચંદ	,,
૧૮	સા. હરગોવનદાસ પૂનમચંદ મારફત	મુઃ મુંબાઇ
	૫ સા. હરગોવનદાસ પૂનમચંદ	,,
	૨ સા. વાડીલાલ પૂનમચંદ	,,
	૩ સા. ચુનીલાલ વીરચંદ	,,
	૧ ,, વાડીલાલ રવચંદ	,,
	૨ ,, પરસોતમ કપૂરચંદ	,,
	૧ ,, ચુનીલાલ ઉજમલાલ	,,

	૧	,, હીરાચંદ વસનજી	,,
	૧	,, ડાહ્યાભાઈ કીસોરદાસ	,,
	૨	,, કપૂરચંદ દીપચંદ	,,
૨૦		સા. નથુભાઇ ડોસાચંદ મારફત	મુઃ વાઘેલ
	૧૦	સા. નથુભાઈ ડોસાચંદ	,,
	૪	ભાવસાર ચુનીલાલ હરચંદ	,,
	૪	સા. કાળીદાસ જેઠાદાસ	,,
	૨	સા. પૂંજા સાંકલચંદ	,,
૧		સા. કેસવજી લહેરાભાઈ	મુ. કવેટા
૩		સંઘવી અમૃતલાલ કચરચંદ મારફત	મુ. પાટણ
	૧	સંઘવી અમૃતલાલ કચરચંદ	,,
	૧	સાનેસરા ભીખાભાઇ નાગરદાસ	,,
	૧	સા. લહેરચંદ ઉત્તમચંદ	,,
૫		પરી અમૃતલાલ નરસીંગભાઈ મારફત	પાલીતાણા
	૨	પરી અમૃતલાલ નરસીંગભાઇ	,,
	૧	મહારાજ કરેમચંદજી હેમચંદજી	,,
	૧	સા. રાગજી સુંદરજી	,,
	૧	મા. અંબાસંકરભાઈ	,,
૮		મેતા. રેવાસંકર હરીસંકર મારફત	મુઃ બલોધણ
	૧	મેતા રેવાસંકર હરીસંકર	,,
	૧	બક્ષી વીઠલનાથ ગણુપતરામભાઇ	,,
	૧	,, રગનાથ હીરાનાથ	,,
	૧	લો. કાનજી અમરસી	મુઃ કુવાલા
	૧	લો. દેવસી સામજી	,,
	૧	લો. ધનજી ખુશ્ચંદ	,,
	૧	સા. પાનાચંદ કસતુર	,,
	૧	સા. ખેમચંદ હેમજી	,,
૯		મેતા. માણુકલાલ પીતાંબર મારફત	મૂજપૂર
	૧	મેતા માંણુકલાલ પીતાંબર	મૂજપૂર
	૧	મોતીલાલ દુધારામ	,,

૧ મોહનલાલ ભોગીલાલ ,,
૧ બાદરચંદ પ્રેમચંદ ,,
૧ પરભુલાલ ગણેસભાઈ મુઃ માંડલ
૧ ન્યાલચંદ માઆચંદ મૂજપૂર
૧ સા. અમથા હેમજી ,,
૧ ઘાંચી ઉમરચંદ વેલચંદ ,,
૧૩ સા. માનચંદ રીખવચંદ મારફત ચરા
૧ સા નીહાલચંદ પ્રેમચંદ ,,
૧ સા. હરીચંદ મગનચંદ વકીલ. ,,
૧ સા. સાંતીદાસ સાંકરચંદ ,,
૧ સા. ધરેમચંદ મયાચંદ ,,
૧ સોની લવજી બહેચર ,,
૧ સા. રાયચંદ પાનાચંદ ,,
૧ સા. માનચંદ રીખ ચંદ ,,
૧ સા. સવાઇ ગહેલચંદ ,,
૧ સા. પૂજા ઉગરચંદ ,,
૧ સા. હરીચંદ ગોવનજી ,,
૧ સા. વજેચંદ ચતુર ,,
૧ સા ભોગીલાલ ડુંગરસી ,,
૧ સા. નથુચંદ લક્ષ્મીચંદ ,,
૬ શાહ દામોદરદાસ કેસરીભાઈ મારફત. અમદાવાદ.
૨ શાહ દામોદરદાસ કેસરીભાઈ ,,
૧ ,, સુરજમલ મનસુખરામ ,,
૧ ,, ભોગીલાલ લલુભાઈ ,,
૧ ,, પોપટલાલ ચકુભાઈ ,,
૧ પરી. છોટાલાલ નારણદાસ ,,

અલ્પમતિ અનુસારે નજર કે હસ્ત દોસથી આવેલ ભુલચુકના માટે સજ્જન પુરૂસો પાસે નમ્ર વચને ક્ષમા માગુંછું તથાસ્તુ. લી. સા. પ્રેમચંદ જેઠાભાઈ કર્તા.

મુ. રાધનપૂર.

જાહેરખબર.

આ ચોપડી તથા "હુન્નરનો સારસંગ્રહ ભાગ ૧ લો" કીમત રૂ૦-૩-૦ "સત્યવિજય નાટક" રૂ૦-૪-૦ "મગધ મનખન્ડન નાટક" રૂ૦-૪-૦ વીગેરે પુસ્તકો નીચે સહી કરનારના પાસેથી રોકડી કીમતે મળશે.

પુસ્તકને રખડતું નહીં મુકતા યોગ્ય આસને સાચવણુ કરી રાખવાથી બુદ્ધિની વૃધી થાય છે, વાસ્તે અવિનય નહીં કરવો.

દ. પ્રેમચંદ. જેઠાભાઈ.
રાધનપૂર.